
# મુક્તિને માર્ગે

## ઈસુ જીવન કથા



સુરેન્દ્ર આસ્થાવાદી

(१२०)

9BGM2

# મુક્તિને માર્ગે

## (ઈસુ જીવન કથા)

લેખક

સુરેન્દ્ર ડી. આસ્થાવાદી

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

મુક્તિને માર્ગે

પ્રથમ આવૃત્તિ ]    નકલ ૧૦૦૦    [ નવેમ્બર-૧૯૮૬

મૂલ્ય રૂા. ૩-૦૦

મુદ્રક :
કાન્તિલાલ ડી. પટેલ
મંગલ મુદ્રણાલય
ફતેહભાઈની હવેલી, રતનપોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧

# પ્રસ્તાવના

ગુજરાતમાં ખ્રિસ્તી સાહિત્યમાં જે ખોટ ઘણા સમયથી વર્તાવી આવી છે તે ખોટ પૂરી કરવાનું બીડું શ્રી. સુરેન્દ્ર આસ્થાવાદીએ ઝડપ્યું છે તે બદલ તે આપણ સૌના અભિનંદનને પાત્ર છે. ઇસુની જીવનકથા પદ્યમાં મૂકીને તેઓ એક અનોખી ભેટ ગુજરાતની મંડળીને અર્પણ કરી રહ્યા છે. પંદર પંદર વર્ષના ઊંડા ચિંતન, અથાગ પરિશ્રમ અને ધીરજની ફલશ્રુતિરૂપે આ પુસ્તક આપણા હાથોમાં મુકાઈ રહ્યું છે.

શ્રી. આસ્થાવાદીએ શબ્દોની પસંદગી ખૂબ જ ચોકસાઇથી કરેલી છે. તેમના કાવ્યની ગતિ વિકાસશીલ તથા વેગવંતી રહી છે. ઇસુ માનવદેહમાં આ દુનિયામાં આવ્યા તે પહેલાંના સમય તથા સંજોગોને આવરી લઈને ઇસુના જન્મ, જીવન, સેવા, શિક્ષણ, મૃત્યુ અને પુનરુત્થાનના બનાવોને કથામાં વણી લીધા છે. અને ક્રૂસ પર ઈસુએ સિદ્ધ કરેલ તારણનું કાર્ય માનવજીવનમાં લાગુ કરવાની ઈસુની તૃષ્ણાને વાચા આપીને કવિએ ઇસુની જીવનકથાનું શાશ્વત પાસું

અજાયબ રીતે રજૂ કર્યું છે અને એમ ઈસુની આ જીવનકથાને ઈસુની અમરકથા બનાવી છે.

આપણાં દેશની સંસ્કૃતિમાં ઈસુની સુવાર્તાને અસરકારક રીતે પ્રગટ કરવા માટે ઈસુની આ જીવનકથાને કથારૂપે રજૂ કરવા માટે પ્રભુને સમર્પિત કોઈ ગાયક આ પુસ્તકનો ઉપયોગ કરે એવી મારા અંતરની અભિલાષા તથા શુભેચ્છાસહ.

બિશપ્સ હાઉસ,<br>એલિસબ્રિજ<br>**અમદાવાદ,**<br>તા. ૧૩-૨-'૮૬

† **પોલ ચૌહાણ**<br>બિશપ ઑફ ગુજરાત

## કૃતિકારના બે બોલ

આ સળંગ કાવ્ય 'મુક્તિને માર્ગે' (ઇસુ જીવન કથા)નું આલેખન પૂરું થવાને લીધે હું ખૂબ જ હળવાશ અનુભવું છું.

જો કે એનું સર્જન કરવાની યોગ્યતા કે ક્ષમતા મારામાં નથી એ હું સ્વીકારું છું. કારણ કે ક્યાં મહાન ઇસુ અને ક્યાં હું ? પ્રભુ ઇસુ તો પ્રેમથી પૂર્ણ પણ હું તો કડવાશથી ભરેલો. ઇસુ અનંત સૃષ્ટિમાં સર્વત્ર વિસ્તરેલા પણ હું તો એક રજકણ કરતાં ય અલ્પ. ઇસુ પવિત્રતાના પરમ સ્રોત જ્યારે હું તો પાપીઓમાં મુખ્ય. મારી કઈ પાત્રતા કે હું આ કૃતિનું સર્જન કરું ? ઇસુના અગ્રજ સંત યોહાનના શબ્દોમાં કહું તો,

'ઇસુ મસીહને પગલે ડગ ભરવાને પાત્ર નથી હું !
સ્પર્શ એમનાં ચંપલને કરવાને યોગ્ય નથી હું !!'

સૃષ્ટિના આરંભ પૂર્વે ઇસુ ખ્રિસ્ત હતા. તે અનાદિ અને અનંત છે. સકળ સૃષ્ટિના સ્વામી પ્રભુ ઇસુની જીવન-કથા એક અધૂરો આદમી કઈ રીતે પૂરી કરી શકે ?

'તેથી સમર્થ સ્વામીની આ થાય કથા ના પૂરી;
વાત પ્રભુની અનંત છે એ થાય કદા ના પૂરી.'

ઇસુની વાત પૂરી કર્યાનો દાવો હું કરી શકું તેમ નથી. પરંતુ વિસાતમાં ના હોવા છતાં ય ઇશ્વર માણસનું

સ્મરણ કરે છે, અને મનુષ્યપુત્રની મુલાકાત લે છે. (ગીતશાસ્ત્ર ૮:૪) આવા વિસાત વિનાના એક માણસનો ઈશ્વરપિતાએ ઉપયોગ કર્યો અને આ કથાનું નિરૂપણ થયું. પ્રભુની એ કેવી અદ્ભુત કૃપા! આભાર માનતાં પ્રભુના ગૌરવી ચરણોમાં શિર ઝુકાવું છુ.

'મુક્તિને માર્ગે'ના સર્જન અને પ્રકાશનની પ્રેરણા આપવામાં મારા ગુરુવર્ય સાહિત્યકાર પ્રિન્સિપાલ શ્રી ભગવતપ્રસાદ ચૌહાણનો ફાળો સવિશેષ છે. કૃતિને જોઈ જઈને એ પ્રસિદ્ધિને યોગ્ય છે એવું સૌ પ્રથમ જણાવીને તેઓશ્રીએ મને પ્રોત્સાહિત કરેલો છે. તેઓશ્રીનો તથા સમગ્ર લખાણ વાંચીને સુધારા સૂચવનાર રેવ. ફાધર વિલ્યમ પાઉલ (એસ. જે.)નો હું અત્યંત આભારી છું.

સાહિત્યમાં રસ ધરાવનાર અને ઈશ્વરવિદ્યાના તજજ્ઞશ્રીઓ રેવ. જયાનંદ આઈ. ચૌહાન અને માનનીય બિશપ (ધર્માધ્યક્ષ) રેવ. પૉલ ચૌહાણ એ બંને સાહિત્યપ્રેમીઓએ આ કૃતિની ઝીણવટપૂર્વક ચકાસણી કરી. શબ્દે શબ્દ પર નજર કરી. વળી એમાં રહેલા ઈશ્વરવિદ્યા વિષયક સિદ્ધાંતો પરત્વે, કડીઓના ક્રમ બાબતે અને રહી ગયેલી અધૂરપની પૂર્તતા અંગે માર્ગદર્શન આપ્યું. અને આ પુસ્તિકા ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યમાં સ્થાન પામે તે માટે શૈલી અને સ્વરૂપ બાબતે પણ તેઓશ્રીએ કિંમતી સલાહસૂચનો આપ્યાં તે બદલ બંને મહાનુભાવોનો હું ઋણી છું.

પ્રસ્તાવના લખી આપવાના પરિશ્રમ અને સૌજન્ય માટે માનનીય બિશપ રેવ. ચૌહાણનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

ગુજરાતી ખ્રિસ્તી સાહિત્ય મંડળની કાર્યવાહક સમિતિના પ્રમુખ રેવ. દેવદત્ત ચૌહાણ, સેક્રેટરી શ્રી ક્લેમેન્ટ ડાયસ અને સભ્યશ્રીઓએ આ પુસ્તિકા પ્રકાશિત કરવાનું સૌજન્ય દર્શાવ્યું તે બદલ તેઓશ્રીનો પણ હું આભારી છું.

આ પુસ્તિકા તૈયાર કરવા માટેની મારી ઉત્કટ ઇચ્છા સાકાર કરવા માટે છેલ્લાં પંદરેક વર્ષથી હું પ્રયત્નશીલ હતો. એને વારંવાર લખી અને મઠારી. આખરે એ પ્રકાશિત થાય છે એનો મને આનંદ છે, ઉત્સાહ છે, સંતોષ છે.

પ્રભુ ઈસુના જીવનની આ પ્રકારની સળંગ કાવ્યકથા આ અગાઉ પ્રસિદ્ધ થયાનું મારી જાણમાં નથી. એથી આ પુસ્તિકા કાવ્યકૃતિના સ્વરૂપમાં ઈસુના શુભસંદેશના પ્રચારના એક સાધન તરીકે આવકાર પામશે અને ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યમા વિશિષ્ટ પ્રદાન કરશે એવી મારી અભિલાષા છે.

અંતે, નમ્રભાવે આ પુસ્તિકા ગુર્જરભાષી ખ્રિસ્તી જનતાને અર્પણ કરું છું. સુજ્ઞ વાચકો એને સ્વીકારે અને રહી ગયેલી ક્ષતિઓ તથા અધૂરપ ઉદારભાવે નભાવી લે એવી યાચના કરું છું.

નડિયાદ

**સુરેન્દ્ર આસ્થાવાદી**

તા. ૨૩-૨-૧૯૮૬

# અનુક્રમણિકા


| પ્રકરણ | કથાનો વિકાસક્રમ | પાન નંબર |
|---|---|---|
| ૧. | કોણ ઉગારે ? | ૧ |
| ૨. | ઈસુનો જન્મ અને બાળપણ | ૩ |
| ૩. | જલદીક્ષા અને પરીક્ષણ | ૫ |
| ૪. | ગિરિપ્રવચન | ૭ |
| ૫. | ચમત્કારો | ૧૧ |
| ૬. | દિનચર્યા | ૧૫ |
| ૭. | દૃષ્ટાંત કથાઓ | ૧૮ |
| ૮. | જીવન દ્વારા શિક્ષણ | ૨૩ |
| ૯. | મરણને માર્ગે | ૨૬ |
| ૧૦. | પરાજય કે વિજય ? | ૩૦ |
| ૧૧. | દર્શન અને આકાશગમન | ૩૨ |
| ૧૨. | પુનરાગમન | ૩૭ |
| ૧૩. | મુક્તિને માર્ગે | ૩૯ |

## પ્રકરણ-૧

# કોણ ઉગારે ?

આલમના અંધારે અગણિત લોક હતા અટવાતા;
કપટ, કુટિલતા, ક્લેશ, કૂટના બંધનમાં લપટાતા.
પ્રભુમંદિરે પ્રપંચ, પાખંડો, પડતી પેઠેલાં;
ધર્મ તણાં ધામો વ્યાપારી સ્થાન બની બેઠેલાં. ૧

ધર્મશાસ્ત્રના જ્ઞાની, પંડિત લાગે સર્વ ગુમાની;
ભજન ભૂલેલા મુગ્ધ જુવાનો ગાળે વ્યર્થ જુવાની.
અંદરથી દુર્ગંધિભર્યા જન બહાર શુદ્ધ ગણાતા.
શણગારેલી કબરસમા ઉપરથી શ્વેત જણાતા ! ૨

થયા સ્વચ્છંદી, ક્રોધી માનવ મનડે ભરી વિસમતા;
સકળ સૃષ્ટિના સર્જકનાં સંસ્મરણ વિસારી ભમતા.
નિજાનંદમાં રચ્યાપચ્યા રહી શુદ્ધિ જન વીસરેલા;
મનમાં કુસંપ, શંકા, ઈર્ષ્યા, અશુદ્ધતા પ્રસરેલાં. ૩

યુદ્ધ, ત્રાસ, ખુનામરકીનાં પલ્લાં હતાં નમેલાં;
શયતાની શાસનનાં મૂળિયાં ઊંડા ઘણાં ગયેલાં;
હિંસા અને હતાશામાંથી હતો નહીં ઉગારો;
હતી ન શાંતિ ! મુક્તિના તો ક્યાંથી થાય વિચારો ? ૪

શાંતિ ઝંખતી સૃષ્ટિકેરા પ્રાણ પછાડા મારે;
કોણ સૃષ્ટિના સર્વનાશના વિષમ દહાડા વારે ?
કોણ બચાવે પ્રાણ ? અમોલો આતમ કોણ ઉગારે ?
મુક્તિ ઝંખતી આ ધરતીમં તારણ કોણ ઉતારે ? ૫

પાપે દબેલ માનવ હૈયાં અકળાતાં બોજાથી;
જીવન રૂપી નાવ આથડે ઊછળતાં મોજાંથી
કોણ પાપનાં મૂળ નિવારે ? મોજાં મંદ બનાવે ?
કોણ વિસામો અને દિલાસો દઈને બોજ હઠાવે ? ૬

ભયથી ભગ્ન બનેલા જગની ભીતિ કોણ ભગાવે ?
શયતાની શાસન સત્તાનાં સ્થાનો કોણ ડગાવે ?
કોણ પાપના પંજાથી માનવને મુક્ત બનાવે ?
કોણ તેમને મુક્તિમારગે લાવે, નિત્ય ચલાવે ? ૭

કોણ ગવૈયો રુદન સમાવે, આનંદી ગીત લાવે ?
કોણ શૂરો સંગ્રામ મચાવે, હાર નહીં જીત લાવે ?
કોણ બીડું ઝડપીને જગની જલતી ઝાળ બુઝાવે ?
કોણ વીરલો પાપ, મરણના કારી ઘાવ રુઝાવે ? ૮

ત્રસ્ત વિશ્વને શયતાની ત્રાસોથી કોણ બચાવે ?
કોણ બંધનો છૂટાં કરાવે, મુક્તિ ગાન ગજાવે ?
કોણ સંકટો, શોક મિટાવે, કષ્ટ અને દુઃખ કાપે ?
કોણ અશાંતિ દૂર હટાવે, હર્ષ અને સુખ આપે ? ૯

સ્વર્ગતણી સરિતા સંસારે સરતી કોણ કરાવે ?
પાન પૃથ્વીને પરમેશ્વરની પ્રીતનાં કોણ કરાવે ?
પાપરૂપી દરિયે ડૂબતી નૈયાને કોણ ઉગારે ?
ભવસાગરને તીરે પ્રવાસીઓને કોણ ઉતારે ? ૧૦

કોણ વ્યગ્રતા, વ્યથા વિદારે, હૈયે હર્ષ જગાવે ?
કોણ હૃદયના ધ્રૂજતા તારે સ્નેહ સ્પર્શ લગાવે ?
કોણ અલગતા, અવરોધોને અહીં હવે અટકાવે ?
સમાધાન ને શાંતિ સ્વર્ગની કોણ જગે પ્રસરાવે ? ૧૧

### પ્રકરણ-૨

## ઈસુનો જન્મ અને બાળપણ

(લુક ૨:૮–૨૦, ૪૦–૪૮; માથ્થી ૨:૧૬)

સૃષ્ટિના સૃજનારા પોતે પૃથ્વી પરે પધાર્યા;
માનવની શાંતિને અર્થે ઈશ્વર પોતે આવ્યા.
કુમારિકાને ઉદરે સ્વામી શિશુ સ્વરૂપે આવ્યા;
પવિત્ર આત્માને યોગે લઈ જન્મ ગભાણે આવ્યા. ૧૨

પયગંબરનાં અગમવેણને પૂરાં પ્રભુએ કીધાં;
રૂડા બેથલેહેમ નગરનાં ભરી પ્રકાશે દીધાં.
માનવના છુટકારા માટે માનવ થઈને આવ્યા.
પરમ પિતાના પુત્ર પનોતા તારણ લઈને આવ્યા. ૧૩

શાંતિ શોધતી આ સૃષ્ટિને શાંતિ ધરી ઈસુએ;
પ્રભા પાપના અંધારે પ્રગટાવી નરી પ્રભુએ.
જગ સ્વામીએ જગ પર આહા ! કૃપા કરી બતાવી;
સ્વર્ગ સુખડાં તજ્યાં. સૃષ્ટિને સેવાભૂમિ બનાવી. ૧૪

એક રાત્રિએ ભરવાડો સાચવતા ઘેટાં સીમે;
એવામાં ત્યાં દૂત ઊતર્યો તેજ પ્રવેશ્યાં વ્યોમે.
કહ્યું દૂતે, "જન્મ્યા છે ઈસુ સ્વરૂપ મનુષ્યનું લઈને;
ગભાણમાં પોઢયા છે આજે જુઓ નગરમાં જઈને." ૧૫

સ્વર્ગેથી ઊતર્યા દૂતો સન્માન પ્રભુનાં કરતા,
હરખ ઉલ્લાસે ઈશનાં મહિમાગાન ગગનમાં ભરતા.

સૂણી વધાઈ ઘેટાંપાળો દોડી જાય સફાળા;
જઈ નગરમાં દીઠા ગભાણે ઈસુ બાળ રૂપાળા. ૧૬

ગભાણમાં જન્મ્યા, ઈસુએ ઘોર તિમિર હટાવ્યાં;
જનની મરિયમ, પિતા યુસફે વંદન કર્યાં, વધાવ્યા.
ઈસુ શિશુને લઈ ઉછંગે માએ લાડ લડાવ્યાં;
ભજન કર્યું ઉમળકે ભરવાડોએ માન બતાવ્યાં. ૧૭

ઈસુ-જન્મની ખબર સાંભળી રાજન બહુ ગભરાયો;
મદાંધ થઈ રાજાએ ભારે હાહાકાર મચાવ્યો !
ઈસુ બાળને હણવા રા' હેરોદે કતલ ચલાવી;
બે વર્ષોનાં બાળો માર્યાં શોણિત ધાર વહાવી ! ૧૮

પણ એ હિંસા ને હત્યા ના સ્પર્શી શક્યાં ઈસુને;
શસ્ત્ર, સૈનિકો, શત્રુ ના સંહારી શક્યાં ઈસુને.
હતા રાજવી પણ આ જગનું રાજ્ય ન હતું ઈસુનું;
ઉન્નત ને અણમોલું માનવ જીવન હતું ઈસુનું. ૧૯

નિયમશાસ્ત્રના વિધિ પ્રમાણે યજ્ઞ કાજ મંદિરમાં;
યુસફ ને મરિયમ લઈ આવ્યાં ઈસુને મંદિરમાં.
ખોળે લઈ ઈસુને સ્તુતિ કરી ભક્ત શિમયોને;
ત્યાં સ્તુતિમાં સૂર પુરાવ્યો સેવિકા હાન્નાએ. ૨૦

વધ્યા પ્રીતિમાં જ્ઞાન તથા કદમાં ને આધીનતામાં;
ઊછર્યા ઈશ્વર ને માનવીની સેવા-પ્રસન્નતામાં.
મા ને પાલક પિતા પ્રતિ સન્માન પૂરું દર્શાવ્યું.
ઈશ્વરપુત્રે માનવ થઈને જીવન જીવી બતાવ્યું. ૨૧

બાર વર્ષની બાળ ઉંમરમાં ગયા ઈસુ મંદિરમાં;
ધર્મશાસ્ત્રના પાઠ શીખવ્યા સભાજનોની ભીડમાં.
નિયમશાસ્ત્રના અર્થ બતાવ્યા યાજકને, ધરમીને;
ચકિત થયા પંડિત ઈસુના પારખને પરખીને. ૨૨

## પ્રકરણ-૩

# જલદીક્ષા અને પરીક્ષણ

(માથ્થી ૩; ૪:૧-૧૧)

અરણ્યમાં યોહાન એકલા રસ્તો અવડ સમારે;
રાહ નીરખતાં ઈસુની આશામાં સમય પસારે.
રાની મધ ને તીડો ખાય એ કમરે પટો લગાવે;
ઊંટ તણા રૂઆનાં વસ્રો પહેરે, ધૂન જગાવે. ૨૩

અંતરથી યોહાન ઇચ્છતા વધે મહત્તા ઈસુની;
ખુદને ભલે ન માન મળે પણ વધે પ્રશંસા ઈસુની.
છડીદાર થઈ બ્યૂગલ ફૂંકતા રણમાં નાદ જગાવે;
ગીત મધુરાં ગાઈ ઈસુનાં સ્વર્ગી રાજ પસારે. ૨૪

યહૂદિયાના અરણ્યમાં એ સંતે બોધ સુણાવ્યો;
'સ્વર્ગ તણું શાસન આવે છે, કરો લોક પસ્તાવો.'
યહૂદિયા ને યરદનનાં ગામોના લોકો આવ્યા;
પાપ કબૂલ્યાં અને નદીમાં જલદીક્ષા સૌ પામ્યાં. ૨૫

'સૂણો જનો' યોહાન કહે, 'ઉપજાવો ફળ રસવાળાં,
નહીં તો થડથી અલગ થઈને અગ્નિમાં બળવાના.

પુત્ર પ્રભુના મસીહ પોતે મારી પાછળ આવે;
નહિ જળનો પણ અગ્નિનો સંસ્કાર અજાયબ લાવે.' ૨૬

એ ઈસુ ગુરુને કેમ કરીને જલદીક્ષા હું આપું ?
હું નિર્બળ છું. સબળ ગુરુને કેમ કરી ઉથાપું ?
ઈસુ મસીહને પગલે ડગ ભરવાને પાત્ર નથી હું;
સ્પર્શ એમનાં ચંપલને કરવાને યોગ્ય નથી હું ! ૨૭

ઈસુ ભીતરનાં સર્વ પાપથી શુદ્ધ કરી દેનારા;
એ છે દીક્ષા આત્માથી ને અગનથકી દેનારા,
વળી ખળીને સાફ કરી ઘઉં ભંડારે ભરનારા;
વ્યર્થ ફોતરાં ભસ્મ નરકના અંગારે કરનારા. ૨૮

ત્રીસ વર્ષના યુવાન ઈસુ યરદન તીરે પધાર્યા;
વિધિ પામવા સ્વર્ગપુત્ર યોહાન સમીપે આવ્યા !
સ્વર્ગબાગનું શ્રેષ્ઠ પુષ્પ યોહાને લીધું પિછાણી;
શિરોમાન્ય સ્વામીની સામે મસ્તક દીધું ઝુકાવી. ૨૯
"પ્રભુ આપની પ્રભા ભાળતાં ઝાંખો સૂરજ લાગે,
વળી આપની પાસ આવતાં મરણ તણો ભય લાગે !
તમે પવિત્ર, પરિપૂર્ણ છો. હું છું અલ્પ અધૂરો;
જલદીક્ષા દેવાને તમને પાત્ર નથી હું પૂરો." ૩૦

વહી રહ્યા યોહાન સંત ત્યાં થંભ્યાં જળ યરદનનાં,
મોંઘાં મંગલ વચન સુણાયાં ઈસુ તણા વદનનાં !
'હમણાં એમ થવા દો, સાધુ, એ જ ઘટિત હો આજે;
આપ જ આપો ને જલદીક્ષા, ના પાડો શા કાજે ?' ૩૧

પછી પાણીમાં યોહાને જલદીક્ષા દીધી ઈસુને;
અપનાવ્યો યરદનના જળમાં ધર્મવિધિ ઈસુએ.
ખૂલ્યું આભ તવ ઈશ તણો આત્મા ઊતર્યો તે સ્થાને,
પ્રભુપુત્રને આશિષ આપી. યરદન ગૌરવ માને! ૩૨

'આ તો મારો પ્રિય પુત્ર છે' થઈ ગગનમાં વાણી.
ધન્ય સંગમે હર્ષભર્યાં ઊછળ્યાં યરદનનાં પાણી.
શરીર સ્વચ્છ કરે તે જળને શિરે ઈસુએ લીધું;
પુણ્ય સ્પર્શથી પુલકિત સરિતા કેરા જળને કીધું. ૩૩

જલદીક્ષા પામીને ઈસુ પછી ગયા નિર્જનમાં,
ચાળીસ દિન ઉપવાસ કર્યા ને લાગુ રહ્યા મનનમાં,
આવ્યો મિત્ર તણું રૂપ લઈ શેતાન પરીક્ષણ કરવા;
પ્રભુ ઈસુની પવિત્રતા, શક્તિ, ભક્તિને હરવા. ૩૪

ઈશ્વરનાં વચનોના અવળા અર્થ જૂઠા સમજાવ્યા,
ઈસુને શયતાને જગના રાય થવા લલચાવ્યા.
પણ ઈસુએ વિરોધીને ત્યાં જવાબ યોગ્ય જણાવ્યા;
પ્રલોભનો પર વિજયી રહી ઈશ્વરને શ્રેષ્ઠ મનાવ્યા. ૩૫

### પ્રકરણ–૪

## ગિરિપ્રવચન

(માથ્થી ૫,૬,૭,)

એક દિવસની વાતઃ પ્રભાતે ઈસુ ગિરિ પર આવ્યા;
પ્રભુ ઈસુનો બોધ સૂણવા શિષ્યો પાછળ આવ્યા.
મૂલ્યવાન મોતીડાં જેવાં મંગલ વચન સુણાવ્યાં;
ઈસુની વાણીથી શ્રોતાજનનાં હૃદય વીંધાયાં: ૩૬

### ધન્યતા

‘આત્મામાં જે રંક જનો છે સ્વર્ગ તણા વારસ તે;
દયાળુઓ ને મનના સાચા એ જ ખરા સાલસ છે.
જુદાં પડેલાં હૈયાં જોડે એ છે પુત્ર પ્રભુના;
ન્યાયીપણાના ભૂખ્યા ને તરસ્યાઓ તૃપ્ત થવાના.’ ૩૭

### પ્રકાશ

‘તમે લૂણ છો આ જગતનું તો સ્વાદ જગે પસરાવો,
તમે જગતની જ્યોતિ છો તો પ્રકાશને ઝળકાવો.
નામ પ્રભુનું જગમાં ઝળકે એવાં કામ કરી લો;
દેતાં મહિમા માન પ્રભુનું સદાય સ્મરણ ધરી લો.’ ૩૮

### વચનની મહત્તા

‘આભ અને પૃથ્વી ટળશે પણ વેણ ન વ્યર્થ જવાનાં,
પયગંબરનાં વચન શાસ્ત્રનાં જરૂર સાર્થ થવાનાં.
ઈશ્વરનાં વચનોની વૃદ્ધિ જગમાં જે જન કરશે:
સ્વર્ગી આવાસે તેઓને સ્થાન સલામત મળશે.’ ૩૯

### હત્યા એટલે ?

‘હત્યાનો આ અર્થ થાય છે: બનવું નહિ ઝનૂની;
અમથો ક્રોધ કરે, બીજાને ગણે મૂર્ખ તે ખૂની.’

### સમાધાન

‘વેદીએ જવ અર્પણ લાવો, દ્વેષ વિદારો મનથી;
બંધુ સાથે હાથ મિલાવો યજ્ઞ કરો અંતરથી.’ ૪૦

### શુદ્ધતા

'અવળ નજર જો કરે નયન કાઢીને ટાળી દેજો;
પગલે પગલે પતન તણાં જોખમ છે ભાળી લેજો.
અમથી વાતે પત્ની ત્યાગની છુટ્ટી નથી પુરુષને;
મેળ કરો, મતભેદ તજો, લો સાર્થ કરી જીવનને.' ૪૧

### વાણી વ્યવહાર

"સત્ય વદો ને ધર્મે ચાલો કદી ન સોગન લેશો;
લીધી માનતા પૂરી કરી દો. પાછાં ના ડગ દેશો.
અનિષ્ટ સામે દુષ્ટ ન બનશો, જીતી લો પ્રીતિથી,
સેવાનાં શુભ કાર્ય કરી લો. તન, મન અને નીતિથી. ૪૨
વૈરીઓ પર પ્રીત કરો ને જતન કરો દુશ્મનનું;
પ્રાર્થ બીજાઓ કાજ કરો ને ભજન કરો ઈશ્વરનું.
પુણ્યકર્મ ચીંથરાં જેવાં છે, માનવ ઊણા અધૂરા,
માટે સ્વર્ગી પિતા સમાણા બનજો બધા ય પૂરા.' ૪૩

### સાચું અર્પણ

'દેખાડા માટે કરીએ તો પ્રતિફળો ના મળશે;
દિલ વિનાનાં દઈએ દાનો, સમર્પણ ના ફળશે.
સ્વાર્થ વિહોણાં શાંત અર્પણો ઈશ્વર માન્ય કરે છે;
સાચે માનો એ જ અર્પણો જીવન સાર્થ કરે છે.' ૪૪

### ગુપ્ત પ્રાર્થના

'પ્રાર્થ કરો ત્યારે પાખંડી જેવા નહીં જણાઓ;
વ્યર્થ લવારો કરો નહિ, ઈશ્વરને આધીન થાઓ.

રાજ્ય સ્વર્ગનું યાચો થઈને નમ્ર વિનંતી લાવો,
ક્ષમા કરી દો સર્વ ઋણીને કરો ખરો પસ્તાવો.' ૪૫

**ઉપવાસ**

'જ્યારે રહો ઉપાસી મુખડાં કરશો નહીં કટાણાં;
રાખો સ્ફૂર્તિ, સ્નાન કરો; ઉપવાસ કરી લો છાના.'

**સાચું દ્રવ્ય**

'નવ સંઘરશો સંપત્ત અહીંની એ ધૂળમાં મળવાની:
પ્રેમ ભક્તિની સંપત્ત સાચી એ જ સદા ફળવાની.' ૪૬

**ચિંતા ત્યાગ**

'કશી ન ચિંતા જીવની કરશો, શું ખાશું ? શું પીશું ?
શરીરની પણ ફિકર ન કરશો કે શા સાજ સજીશું ?
ઊડે ગગનમાં જુઓ પંખીડાં ભંડારો ના ભરતાં,
વૃક્ષ મલકતાં, ખીલે ફૂલડાં પરિશ્રમો ના કરતાં.' ૪૭

**સાચી દૃષ્ટિ**

'કોઈ નથી પરિપૂર્ણ, બીજાને ગુનેગાર નવ ગણશો;
માગો, પામો ક્ષમા પાપની કશી વાર નવ કરશો.
મૂલ્યવાન મોતીડાં ભૂંડોની આગળ ના ધરશો;
સુવર્ણની થાળીમાં મેખો લોઢાની ના જડશો.' ૪૮

**પ્રાર્થના**

'માગો મળશે, શોધો જડશે, ઠોકો દ્વાર ઊઘડશે;
સતત યાચના કર્યા કરો તો પ્રાર્થ પ્રભુ સાંભળશે.'

**બે માર્ગ**

'છે દરવાજો ચોડો પેલો વિનાશના પથ કેરો;
સ્વર્ગ તણી આ વાટ સાંકડી, ઓછા કરે પ્રવેશો.' ૪૯

**ડાહ્યો કોણ ?**

'સૂણી શિખામણ આચરશે તે ડાહ્યા જનો ગણાશે;
ખડક પર ઘર ચણનારાની તોલે ગણના થાશે.
સૂણ્યા પછી ના આચરનારા મૂરખા જનો ગણાશે;
વિનાશ મૂર્ખે રેતી પર બાંધેલા ઘરનો થાશે.' ૫૦

o = × o × = o × = o × = o

પ્રભુ ઈસુનો બોધ સાંભળી લોક અચંબો પામ્યા;
હૈયાં પલટીને ઈસુની પાછળ ફરવા લાગ્યા.
ઘણાં હૃદયમાં ઈસુ વચનનાં મૂળિયાં ઊંડાં ઊતર્યાં;
મોંઘા મૂલનાં વચન સુણાવી ઈસુ ગિરિથી ઊતર્યા. ૫૧

## પ્રકરણ-૫

## ચમત્કારો

વિસ્મયકારક કામ ઘણાં વિશ્વમાં ઈસુએ કીધાં,
દરિદ્રીઓનાં દુઃખ, દર્દ ને દીનતા દાબી દીધાં.
કર્યાં મૃતને સજીવ, અંધને દાન દૃષ્ટિનાં દીધાં,
દરિયે તંરગ વાવાઝોડાં શાંત સૃષ્ટિમાં કીધાં. ૫૨

**પાણીનો દ્રાક્ષરસ** (યોહાન ૨ : ૧–૧૦)

જનની સાથે લગ્નપ્રસંગે ઈસુ ગયેલા જ્યારે;
કાના ગામે શુભ અવસરિયે ખૂટયો દ્રાક્ષરસ ત્યારે.

ખાલી કૂંડાં પ્રભુ ઈસુએ જળથી પૂર્ણ ભરાવ્યાં;
પલટ્યું પાણી દ્રાક્ષરસે, એ રસનાં પાન કરાવ્યાં. ૫૩

**સાગરને શાંત કર્યો** (માર્ક ૪ : ૩૫–૪૧)

એક દિવસ સંધ્યાના સમયે ઈસુ હતા નૈયામાં;
શિષ્યો સાથે જતાં તરંગો બહુ ઊછળ્યા દરિયામાં;
સાગર ઘૂઘવ્યો અને ઝપાટા વાયુના વીંઝાયા,
બીકના માર્યા ધ્રૂજ્યા શિષ્ય સૌ પાણીથી ભીંજાયા. ૫૪

"ઊઠો ગુરુજી, નાશ થાય છે, નાવલડી ડૂબવાની;
ચિંતા નથી? હવે તો અમને આશ નથી બચવાની."
ઈસુએ મોજાં અટકાવ્યાં. શાંત વાયરા કીધા;
સાગરનાં જગ શાંત બનાવ્યાં, શિષ્ય ઉગારી લીધા. ૫૫

**બેથેસ્દાનો માંદો** (યોહાન ૫ : ૧–૯)

બેથેસ્દાનો કુંડ યરૂશાલેમ નગરની પાસે;
ઘણાં રોગીઓ પડ્યાં હતાં ત્યાં શુદ્ધ થવાની આશે.
અંધ, અપંગો અને અશક્તો આશા ધરે સમયની;
રોગ નિવારણ કાજ તલસતા ઘડીઓ ગણે સમયની. ૫૬

કોઈ સમે ત્યાં દૂત આવતો, જળને હલાવતો એ;
જે જન તેમાં પ્રથમ ઊતરતો રોગમુક્ત બનતો એ.
આડત્રીસ વરસથી માંદો માણસ ત્યાં જ રહેલો;
જળ હાલે તવ આ માંદો નવ ઊતરી શકે પહેલો. ૫૭

જળમાં ઉતારવા માંદાને કોની મળે સહાયો?
કેમ કરીને મટે માંદગી? વૃથા કરે ઉપાયો!

એક દિવસ અહીં ઈસુ પધાર્યા આશા ફળી માંદાની;
રોગ નિવારણ કર્યું ઈસુએ વાત રહી ના છાની. ૫૮

**રક્તશ્રાવ મટાડયો** ( માથ્થી ૯:૨૦–૨૨ )

રક્તશ્રાવના દરદથકી ત્રાસેલી અબળા આવી;
બાર વરસથી પિડાય, અંતે ઈસુ પાસે આવી.
ઈસુ પર વિશ્વાસ કરીને વસ્ત્રે અડકી નારી;
મળ્યો મહિમા પ્રભુ ઈસુને તરત જ ટળી બીમારી. ૫૯

**લાજરસને સજીવન કર્યો** (યોહાન ૧૧:૧–૪૪)

બહેન માર્થા અને મરિયતમ તણો લાજરસ વીરો;
ભાઈ ભગિની ઉપર રાખતો પ્રેમ પ્રભુજી પૂરો.
ભગિનીઓનો ભાઈ એકદા થયો અચાનક માંદો;
બેઉ વિચારે કેમ કરીને થાય બંધુડો સાજો! ૬૦
ઈસુ ગુરુને ખબર મોકલી, 'ભાઈ પડયો છે માંદો;
ઝટ આવો ઓ ગુરુ તમે બંધુને કરોને સાજો.'
ઈસુ પધાર્યા ત્યારે તો ત્યાં બહેનો શોકે ઝૂરતી;
મૃત બંધુને સંભારીને દુઃખના દરિયે ડૂબતી! ૬૧
પ્રેમભર્યા સ્મરણે ઈસુની આંખે અશ્રુ ભરાયાં;
દુઃખ થયું! દિલમાં ગમગીની વ્યાકુળતા ઊભરાયાં!
લોક સમૂહની સાથે ઈસુ ગયા કબરની પાસે;
ટોળું ગુસપુસ કરે, 'મૃત શું હવે સજીવન થાશે?' ૬૨
ચાર દિવસથી મૃત થયેલો વીર સજીવન કીધો;
ભગિનીઓનો શોક ઈસુએ પૂરો પલાયન કીધો.

કફન તણાં બાંધેલાં બંધન છૂટાં કરાવી નાખ્યાં;
મૃત મનુષને જીવંત જોઈ લોકો નવાઈ પામ્યાં. ૬૩

**પાંચ હજારને જમાડયા** (માથ્થી ૧૪:૧૩–૨૧)

ફરી એક દિ' શિષ્યો સાથે ઈસુ ગિરિ પર આવ્યા;
પાછળ પાંચ હજાર પુરુષો, સ્ત્રી, બાળક પણ આવ્યાં.
આત્માના ઉત્તેજન અર્થે ખ્રિસ્તે બોધ સુણાવ્યો;
બોધ સૂણીને હરીફરીને સમૂહ લોકનો થાકયો. ૬૪

કહે ઈસુ શિષ્યોને, "આપો ભોજન શ્રોતાઓને;
ભૂખ્યા છે આ લોક કયારના, તૃપ્ત કરો તેઓને."
વિસ્મય થઈ ગભરાયા શિષ્યો, 'ભોજન લવાય કયાંથી?
નહીં એક બે, અસંખ્ય જનની ક્ષુધા સમાય કયાંથી!' ૬૫

લીલા ઘાસમાં સૌને ખ્રિસ્તે પંગતમાં બેસાડ્યા;
પાંચ રોટલી, બે મચ્છી પર આશીર્વાદો માગ્યા.
આપ્યો એ ખોરાક શિષ્યને. પછી કહ્યું, 'લો, પીરસો'
તૃપ્ત થયો ભોજનથી મોટો મહેરામણ માનવનો. ૬૬

**અંધને દૃષ્ટિદાન** (યોહાન ૯ : ૧–૧૧)

જતાં માર્ગમાં પ્રભુ ઈસુએ અંધ મનુષને દીઠો;
દેવા દૃષ્ટિદાન બતાવ્યો ભાવ અંધને મીઠો.
ખ્રિસ્ત ઈસુએ લીધી મટોડી, કાદવ થૂંકથી કીધો;
દૃષ્ટિ દેવા અંધતણી આંખે ચોંટાડી દીધો. ૬૭

દીધી આજ્ઞા, 'શિલોઆમના કુંડે જઈ ચક્ષ ધોજે;
ત્યારે ઈશનાં પ્રગટ થયેલાં કામ ઘણાં જન જોશે.'

અંધ ગયો, વિશ્વાસ ધરી પાણીથી નયનો ધોયાં;
દાન દૃષ્ટિનાં તરત મળ્યાં ! ને ઈસુ દર્શનો જોયાં !! ૬૮

૦ × ૦ × = ૦ × = ૦ × ૦

**ચમત્કારોની અસરો** (યોહાન ૬ : ૨, ૨૬–૨૭)

કામ અજાયબ જોઈ ઈસુનાં લોકો વિસ્મય પામે;
સૂણવા, જોવા, ખાવા, પીવા મોટો સમૂહ આવે.

(યોહન ૫ : ૩૬)

અજબ ચમત્કારો કરવામાં સત્તા નિજ બતાવી;
આ પૃથ્વી પર પરમ પિતાની પવિત્રતા પ્રગટાવી. ૬૯

(માથ્થી ૯ : ૨૬, ૩૧)

થોકે થોક જનોને ખ્રિસ્તે સત્ય સુવાર્તા આપી;
પ્રભુ ઈસુની સેવાની ચોફેર સુકીર્તિ વ્યાપી.
સેવા ને સાજાં કરવાની વાત રહી ના છાની;
અંતરમાં વિશ્વાસ ધરી બહુ જને સુવાર્તા માની. ૭૦

## પ્રકરણ–૬

## દિનચર્યા

**પ્રાર્થના** (માર્ક ૧ : ૩૫)

સૂર્યપ્રભા પ્રગટે તે પહેલાં ઊઠતા ઈસુ પ્રભાતે;
એકાંતે જઈ કરે પ્રાર્થ ને વાત પિતાની સાથે.
દિનનાં કામો માટે ઈશની આશિષ માગી લેતા;
અને મળેલી કૃપાના આભારો માની લેતા. ૭૧

**ઉપદેશ** (માર્ક ૭ : ૫-૧૩; ૧૨ : ૩૮-૪૦)

શાસ્ત્રીઓ ને ફરોશીઓને જરા ય ના છાવરતા;
કપટી, ક્રોધી, દંભી, દૂષીલા જનથી ના ડરતા.
ગેરવાજબી બધાં કાર્યની ટકોર સાચી કરતા;
પાપ અને ભૂંડાં કામોથી અળગા થવા શીખવતા. ૭૨

(માથ્થી ૪ : ૨૩-૨૫)

બાર શિષ્યની સાથે ઈસુ નગરનગરમાં ફરતા;
સ્વર્ગતણા શાસનની વાતો પ્રવાસ કરતાં કરતા.
પ્રેમ, દયા ને સેવા કેરો બોધ શાસ્ત્રનો કરતા;
દૃષ્ટાંતો ને ઉદાહરણથી સાર જીવનનો ધરતા. ૭૩

દીન, દલિત, દુઃખિયાંને ઈસુ દિવ્ય દિલાસો દેતા;
આધિ, વ્યાધિ, વ્યથા, ઉપાધિ સમે વિસામો દેતા.
આપેલા ઉપદેશતણું તે અનુસરણ ખુદ કરતા;
આદર્શોથી ભર્યું જીવન માનવની સન્મુખ ધરતા. ૭૪

**સેવાકાર્યો** (માર્ક ૧ : ૩૮, ૩૯, ૪૧)

પ્રાર્થ પછી જનસેવા કેરાં કાર્ય નિરંતર કરતા;
શુભસંદેશ સુણાવે ઈસુ પરમ પિતાને ભજતા.
અધમ જનોના તારણનું શુભ કાર્ય તેમને ગમતું;
દુઃખી, દરિદ્રી જોઈ ઈસુનું હૃદય દયાએ દ્રવતું. ૭૫

(માથ્થી ૮ : ૧૪-૧૭)

અપંગ, દૃષ્ટિહીન આવતાં અપદૂતો વળગેલાં;
રક્તપિત્ત ને કુષ્ટરોગીઓ, દિલડાં ભંગ થયેલાં,
પક્ષપાતીઓ, પતિત, નિર્બળો, ગરજુ, ગાંડાં આવે;
દઈ દિલાસો ઈસુ તેમનાં તમામ દુઃખડાં ટાળે. ૭૬

લોક અસંખ્ય વિટંબણા લઈ આવે ઈસુ પાસે,
હિંમત, હૂંફ, દિલાસો, શાંતિ મેળવવાની આશે.
રડતાં આવે, જાય હસીને વ્યાધિ થકી છૂટીને;
નગરનગરમાં વાત પ્રસારે મહિમા મળે પ્રભુને. ૭૭
લોક દુઃખિયા, ચિંતાવાળા, તંગ થયેલા આવે;
ત્રાસેલા, કંટાળેલા ને ભગ્ન બનેલા આવે.
સ્પર્શ, વચન, દૃષ્ટિથી ઈસુ કષ્ટો સદા નિવારે;
શુભ શુભ કાર્યો કરી પ્રભુનો મહિમા મહા પ્રસારે. ૭૮

**બાળપ્રેમ** (માર્ક ૧૦:૧૩-૧૬; માથ્થી ૧૯:૧૩-૧૫)

વિશ્વબાગના ફૂલ સમાં બાલુડાં નજરે આવે,
ગોરાં, કાળાં, ગંદાં, ઘેલાં ભલે ગમે તે આવે.
લઈ બાથમાં ઈસુ બાળને મીઠાં લાડ લડાવે;
આશિષ આપે, હૈયે ચાંપે, વાત્સલ્યો દર્શાવે. ૭૯

**ઉન્નત માનવતા**

પૂરો દિવસ એ ઈશ્વરનાં કાર્યોમાં ગાળી દેતા;
આ જગની ખટપટ કે લાભો બધા ય ટાળી દેતા;
માનવના ઉદ્ધારતણી તક એકે જવા ન દેતા;
શરણાર્થીનું અહિત ઈસુ સહેજે થવા ન દેતા. ૮૦
ઉન્નત માનવ સમ વરતીને શીલ સદા સાચવતા;
ભલી ભાવનાઓ રાખીને માનવતા દાખવતા.
સત્ય, દયા, વિશ્વાસ બતાવી ઉચ્ચ જીવન આચરતા;
પવિત્રતા, પ્રીત, ભાવ રાખતાં ચૂકે નવ માનવતા. ૮૧

### પ્રકરણ-૭

## દૃષ્ટાંત કથાઓ

દૃષ્ટાંતો ને ઉદાહરણમાં વાતો ઈસુ કરતા;
કુદરતનાં વાતાવરણોને ઉપદેશે સાંકળતા.
સમાજની ઘટનાઓમાંથી કથાવસ્તુ લઈ લેતા;
સચોટ, પ્રેરક, હૈયું વીંધે એવો બોધ કહેતા. ૮૨

**પસ્તાયેલો પુત્ર** (લુક ૧૫ : ૧૧-૨૪)

મમત ભરેલો નાનો દીકરો જીદે ચડીને આવ્યો;
લઈ પિતાનો પૈસો પુત્ર ગૃહ તજીને ચાલ્યો.
ગયો વિદેશે, વ્યસન કરીને નાણું સર્વ ઉડાવ્યું;
નબળી સોબત કરી જુવાને જીવન વ્યર્થ ગુમાવ્યું. ૮૩

દશા થઈ ભૂંડી ત્યાં આવ્યો ભૂંડ ચારવા વારો;
મળે ન પોષણ પૂરું, કરે એ ભૂખતણા પોકારો.
સચેત થઈને પિતા સ્મરીને પાછો ઘરે પધાર્યો;
રડયો. પિતાને ચરણ નમીને કર્યો ખરે પસ્તાવો. ૮૪

જતો રહેલો પુત્ર પધાર્યો! જોઈ પિતા હરખાયા;
થયો સજીવન મૂએલ દીકરો! વાજિંત્રો વગડાવ્યાં.
આ દીકરાની માફક પાપી વળે પ્રભુની પાસે;
મળશે તેને મુકિત, સ્વર્ગમાં હર્ષાનંદ છવાશે. ૮૫

**વાવેલાં બી** (માથ્થી ૧૩:૪-૨૩)

કહ્યું બીજું દૃષ્ટાંત ઈસુએ જમીનનું ને બીનું
શાસ્ત્રવચનના મહત્ત્વનું ને જીવનની ખેતીનું.

ખેડૂતે જે બી વાવ્યાં તે પડયાં ઘણાં સ્થાનોમાં;
રસાળ ભૂમાં, રસ્તામાં, પથરામાં, જાળાંઓમાં. ૮૬

કેડીનાં બી ચણી ગયાં પંખીડાં પાંખોવાળાં;
ઊગ્યાં બી પણ કરમાયાં પથ્થરિયા ભૂમિવાળાં.
કાંટાનાં જાળાનાં બી તો વધુ ન વધવા પામ્યાં;
રસાળ ભૂમાં પડેલા બીથી ઘણાં ઘણાં ફળ આવ્યાં. ૮૭

વચનરૂપી બી વવાય એમ જ માણસના મનમાંહે;
કોઈ બીજના ફણગાને શેતાન ઉપાડી નાંખે.
કોઈ ટકે છે પળ ભર, કોઈ દબાય ચિંતા નીચે;
કોઈ વધીને, ફૂલીફાલીને ફળ પુષ્કળ દે, રીઝે. ૮૮

## સાચો પડોશી (લુક ૧૦:૩૦–૩૭)

જુઓ બીજું દૃષ્ટાંત ઈસુનું ભલા પડોશી કેરું;
માનવ પ્રત્યે ઈશ્વર કેરી પ્રીત બતાવે એવું.
'એક પુરુષ જંગલમાં થઈને જતો યરેખો ગામે;
અવાવરુ ને વિકટ મારગે જતાં ઘણો ભય લાગે. ૮૯

નીકળ્યા ડાકુ ડુંગરમાંથી વટેમાર્ગુને માર્યો;
લૂંટી લઈને થયા પલાયન જતાં જતાં રંજાડયો.
જોગાનુજોગે એ રસ્તે યાજક, લેવી આવ્યા;
ઘાયલને જોયો ના જોયો કરતાં આગળ ચાલ્યા. ૯૦

આવી દુર્ગમ વાટે આવ્યો પછી ભલો સમરૂની.;
જખ્મો ધોયા પાટો બાંધ્યો કરી દયા ઘાયલની.

આફત વેળા પ્રેમ બતાવે એ જ પડોશી સાચો;
દુ:ખિયાંથી ના મુખ છુપાવે એ જ પડોશી સાચો.' ૯૧

**સાચી પ્રાર્થના** (લુક ૧૮:૯–૧૪)

'સાચી પ્રાર્થ' સમજવા માટે ઈસુએ સમજાવ્યું;
'એક નમ્ર ને બીજો ગુમાની' ઉદાહરણ આ આપ્યું:
ગયા મંદિરે બેઉ જણા કરવાને પ્રાર્થ પ્રભુની;
નમ્ર જને નિજ હૃદય નમાવ્યું ઊંચો થાય ગુમાની. ૯૨

કહે ગુમાની 'બીજા જેવો પાપી નથી પ્રભુ હું;
કરતો હું ઉપવાસ અને આપું છું દાન ઘણું હું.'
નમ્રજને તો 'હું પાપી છું' કહીને પાપ સ્વીકાર્યાં,
પશ્ચાતાપ કરીને તેણે નીચાં ગાત્ર નમાવ્યાં. ૯૩

કહ્યું ઈસુએ 'ન્યાયી ઠરીને નમ્ર ગયો નિજ ગામે;
આવા માનવ જશે રહેવાને સ્વર્ગે શુભ ધામે.'
ભલે કરો ઉપવાસ અને અણમોલ ખજાનો લાવો;
એવું નહીં. ઈસુ માગે છે, દિલનાં દાનો આપો. ૯૪

**દસ કુમારિકાઓ** (માથ્થી ૨૫:૧–૧૩)

સ્વર્ગતણા શાસનની ખ્રિસ્તે ઉપમા નવી જણાવી;
સદા જાગતા રહેવા માટે વાર્તા વરની સુણાવી:
'કુમારિકા દસ, લગ્નમંડપે વરને મળવા આવી;
મશાલ પ્રિય, પ્રીતમના મુખનાં દર્શન કરવા લાવી. ૯૫

પાંચ હતી સમજુ, બાકીની મૂરખી. સાથે ચાલી;
સમજુ પાસે તેલ હતું, મૂરખીની કૂપીઓ ખાલી.
મધ્ય રાત્રિએ વર આવ્યો ત્યાં થઈ મિલનની વેળા,
તેલ વિના શું કરે બિચારી ? ગઈ બજારે લેવા. ૯૬

સમજુ કન્યા વરની સાથે ગઈ જમણમાં જ્યારે;
મૂરખીઓ આવીને માથાં કૂટે, કકળતાં દ્વારે.
કહ્યું ઈસુએ, 'સદા ય જાગો કાયર, મંદ ન થાજો;
આવેલી તક નહીં જવા દો મશાલ બળતી રાખો.' ૯૭

**દ્રાક્ષાવાડી પચાવી પાડનારા** (માર્ક ૧૨ : ૧–૧૨)

ઈસુએ દ્રાક્ષાવાડીનું રૂપક એક જણાવ્યું :
આ રૂપકથી ધૂર્તજનોને તાક્યું તીર લગાવ્યું.
"વાડી દ્રાક્ષ તણી રોપીને માલિક ગયો વિદેશે;
મોસમ પાકી. જોઈ ખેડૂતો લોભી બન્યા અતિશે. ૯૮

હિસ્સો દ્રાક્ષ તણો લેવા માલિકનો નોકર આવ્યો;
ખેડૂતોએ નોકરને મારીને પાછો વાળ્યો.
બીજા દાસનું માથું ફોડ્યું, વળી બીજાને માર્યા;
બીજા ઘણાને ક્રૂર કોરડા માર્યા, મારી નાખ્યા. ૯૯

પછી માલિકે પુત્ર મોકલ્યો લાડકડો, રૂપાળો;
ખેડૂતોએ ખૂન કર્યું ને ભાગ પચાવી પાડ્યો !
હવે આવશે માલિક પોતે હિસ્સો એ લેવાના;
દાસો ને દીકરાના ખૂનની શિક્ષા યે દેવાના. ૧૦૦

## દ્રાક્ષાવેલો અને ડાળી (યોહાન ૧૫:૧-૮)

કહે ઈસુ, 'હું દ્રાક્ષાવેલો તમે બધાં છો ડાળી;'
દ્રાક્ષાવાડીને સંભાળે છે પ્રભુ બનીને માળી,
દરેક ડાળી જે નિષ્ફળ છે તેને બાળી નાખે;
ફળ દેનારી રસાળ શાખાને સંભાળી રાખે. ૧૦૧

૦ = ૦ = ૦ = ૦ = ૦ =

## શ્રીમંત અને ગરીબ (લુક ૧૬:૧૯-૩૧)

શ્રીમંતની આ વાત કહીને ખ્રિસ્તે છે સમજાવ્યું;
આ દુનિયામાં દેખાયે જે સુખ, એ નવ સાચું.
એક ધની માનવ મનગમતાં મોંઘાં વસ્ત્ર પહેરે;
સ્વાદ ભરેલાં ભોજન જમતાં, વસતો ભવ્ય મહેલે. ૧૦૨

દીન લાજરસ ભીખ માગતો પેલા શ્રીમંત પાસે;
એઠું ભોજન ખાય પડેલું તૃપ્ત થવાની આશે.
પૃથ્વી પરનું જીવન વિતાવી ગયો ભિખારી સ્વર્ગે;
અભય ભાસતો અમીર આખરે થયો નિવાસી નર્કે. ૧૦૩

× ૦ = ૦ = ૦ = ૦ = ૦ = ૦ ×

ઉપદેશો દૃષ્ટાંતો આવાં ખ્રિસ્તે ઘણાં સુણાવ્યાં;
શાસ્ત્રવચનના હૃદયસોંસરા સંદર્ભો સમજાવ્યા;
કટાક્ષ, નિંદા, બદફેલીનાં વચન ઈસુ ના બોલ્યા;
પ્રબોધવાણી પ્રગટ કરી પડદા અંતરના ખોલ્યા. ૧૦૪

## પ્રકરણ–૮

# જીવન દ્વારા શિક્ષણ

**સેવા**

જનહિત કાર્યો કરી બધાંના બોજા હળવા કરતા;
થાકે તો યે સત્યકાર્યોથી કદી ન અવળા ફરતા.
સંપત્ત, સત્તા, સ્વાર્થ તણી આશા ઈસુ ના કરતા;
ઈશ્વરની ઇચ્છાને આધીન રહી જીવન આચરતા. ૧૦૫

**ભક્તિ**

આડંબર ના રાખે, પાલન નિયમશાસ્ત્રનું કરતા:
શાસ્ત્રવચનને માને સાથે મનન પ્રભુનું કરતા.
રીત પ્રમાણે અચૂક ઈસુ મંદિરે નિત આવે;
શ્રોતાઓને શાસ્ત્ર સુણાવે અર્થ સત્ય બતલાવે. ૧૦૬

**ક્ષમા**

ક્ષમા યાચવા, શુદ્ધ થવા ગરજુઓ શરણે આવે,
પાપબોજ લઈ રોગિષ્ટો ઈસુને ચરણે આવે.
માફ કરે અપરાધ ઈસુ પાપીનાં પાપ નિવારે;
દર્દ મટાડે, શુદ્ધ કરીને મનના ભાર ઉતારે. ૧૦૭

**પાપીના સહારા** (યોહાન ૮:૧–૧૧)

એક પરોઢે ઈસુ પધાર્યા જેતૂનને ડુંગરિયે;
લોકોને ઉપદેશ સુણાવ્યો ત્યાં જઈને મંદિરિયે.
શાસ્ત્રીઓ ને ફરોશીઓ લઈ આવ્યા ત્યાં મહિલાને;
લાવીને ઊભી રાખી એ ટોળામાં અબળાને. ૧૦૮

વ્યભિચારમાં પકડાયેલી એ નારી તો કાંપે;
એને પથ્થર માર મારવા ક્રૂર દંભીઓ ટાંપે.
'આવી સ્ત્રીને પથ્થર મારો' છે ફરમાન મુસાનું;
'કહો ઈસુ, આ કિસ્સામાં છે શું મંતવ્ય તમારું ?' ૧૦૯

'નિષ્પાપીજન આ અબળાને પહેલો પથ્થર મારે !'
સૂણી વાત ઈસુની સૌ અંતરમાં પાપો ભાળે !
કોણ હોય ત્યાં નિષ્પાપીજન ? સૌએ પાપ કરેલાં;
ભીતરમાં હૈયામાં ઊંડે અસંખ્ય પાપ ભરેલાં. ૧૧૦

નિજ આંખોમાં ભર્યા પાપના ભારાઓ નીરખીને;
શરમિંદા થઈ જતા રહ્યા પથરાઓ ફેંકી દઈ ને.
કહે ઈસુ, 'હે બહેન તુજને, ગણી ન કોઈ એ પાપી ?
હું પણ પાપી નથી કહેતો.' ક્ષમા પાપની આપી. ૧૧૧

**સમતા દીનતા**

પોતે સ્વર્ગ તણા રાજન ! પણ દીનને શિષ્ય બનાવ્યા;
માછી, દાણી જેવાને ત્યાં થઈ મહેમાન પધાર્યા.
પવિત્ર વાણી, વિચાર સાથે શીલમાં શુદ્ધ રહેલા;
રહ્યા, નમેલા, તો ય ભલાં કાર્યોથી ઉચ્ચ બનેલા. ૧૧૨

**ઈસુએ શીખવેલી પ્રાર્થના** (લુક ૧૧:૧–૪)

પ્રભુ ઈસુએ શિક્ષણ આપ્યું, પ્રાર્થ કરો આ રીતે :
દ્વેષ નિવારો, પ્રભુ સ્મરો ને પ્રાર્થ કરો શુભ ચિત્તે :
'આકાશી ઓ પિતા તમારું નામ પવિત્ર મનાઓ;
મહા પ્રતાપી રાજ્ય તમારું પૃથ્વી ઉપર સ્થપાઓ. ૧૧૩

આ સૃષ્ટિમાં પિતા તમારી ઇચ્છા પૂરણ થાઓ;
ક્ષુધા નિવારણ માટે અમને નિતનિત ભોજન આપો.
અમે દઈએ માફી જેવી, એવી અમને આપો;
અનિષ્ટથી ઊગારો અમને પરીક્ષણે ના લાવો.' ૧૧૪

**નમ્રતા** (માથ્થી ૧૭:૧–૨)

પર્વત પર ઈસુનું મુખડું સૂરજ સમું પ્રકાશ્યું;
છતાં કર્યો ના ગર્વ **જરા યે** જીવન નમ્ર બનાવ્યું.

(માથ્થી ૧૭:૨૪–૨૭)

સ્વર્ગ રાજવી હતા છતાં વેરો રાજનને આપે;
સદા કાળજી રાખી ઈશ્વરનું ઈશ્વરને આપે. ૧૧૫

(યોહાન ૧૩ : ૪–૫)

આસન પરથી ઊઠયા ઈસુ લઈ રૂમાલ વસ્ત્ર ઉતાર્યાં;
ગુરુ તણું ગૌરવ ત્યાગી ચેલાના ચરણ પખાડ્યા.
એથી આગળ જઈ ઈસુએ શિષ્યોના પગ લૂછ્યા;
બન્યા ગુરુ ખુદ ગુલામ ! સેવા કેરી ઘડી ન ચૂક્યા. ૧૧૬

(યોહાન ૧૨ : ૧૪–૧૫)

નમ્ર ખોલકા ઉપર ઈસુએ જ્યારે કરી સવારી;
અતિ નમ્ર થઇ ગયા ! ઈસુની દીનતાએ હદ વાળી !
પૂર્ણ થયું આ શાસ્ત્રવચન : વરરાજા આવે છે.
સિયોનપુત્રી ડર ના તારો રાજા આવે છે. ૧૧૭

**સહનશીલતા**

ક્રોસ પરે કાયાને અરપી અંગે જખમ ગ્રહેલા;
હથેળીઓ વીંધાવા દીધી કષ્ટો અસહ્ય સહેલાં.
સ્વર્ગ તણા સ્વામી, સૃષ્ટિમાં તદ્દન તુચ્છ ગણાયા;
આથી ભારે હોય નમનતા! ઊચર્યા વેણ ક્ષમાનાં. ૧૧૮

પ્રકરણ-૯

## મરણને માર્ગે

**યરૂશાલેમમાં પ્રવેશ** (માર્ક ૧૧:૭–૯)

નમ્ર થઈને ઈસુ યરૂશાલેમ નગરમાં આવ્યા;
દીન ખોલકા ઉપર સવારી કરતા ઈસુ બિરાજ્યા!
રાજનનું સ્વાગત કરવાને પ્રજા ઉમંગે ઊભરી;
શહેરની શેરી શેરીમાં નવી રોશની પ્રસરી. ૧૧૯

જુવાન, વૃદ્ધો ને ભૂલકાં મારગડે ઊમટી આવ્યાં;
સિયોનના સ્વામીની સામે સૌએ શીષ ઝુકાવ્યાં
ખજૂર કેરી ડાળી લાવ્યાં સ્વાગત કર્યું ઉમળકે,
વસ્ત્ર બિછાવ્યાં મારગડામાં નગર સજાવ્યું હલકે. ૧૨૦

**સ્વાગત** (માથ્થી ૨૧ : ૯–૧૦)

'હોસાના, હોસાના, રાજન ભાવે ભલે પધાર્યા;'
જયનાદો ઉચ્ચારી લોકો નાચ્યા ને હરખાયા.
નગરતણી ગલીઓ ગલીઓમાં ગૂંજ્યા નાદ મધુરા;
લોકે સ્વાગત કર્યું હૃદયથી, સોહે રાજન પૂરા. ૧૨૧

**મંદિરનું શુદ્ધીકરણ** (માથ્થી ૨૧:૧૨-૧૩;
યોહાન ૨:૧૪-૧૫)

ઈશ્વરના મંદિરની હાલત જોઈ ઈસુ અકળાયા;
શરાફ નાણાવટીઓનાં આસનને ઊંધાં વાળ્યાં.
કબૂતરોના સોદાગરને ત્યાંથી બહાર કાઢયા;
મંદિરમાં ઈસુએ પાછાં મહિમા, ગૌરવ સ્થાપ્યાં. ૧૨૨

**અંતની નિશાનીઓ** (માથ્થી ૨૪ અને ૨૫)
(૧ કોરિંથી ૧૫ : ૫૨)

પછી ઈસુએ અંતકાળની એંધાણીઓ આપી;
એ સમયે સાવધ રહેવાની સૂચનાઓ આપી.
'છેલ્લા સમયે ભુલાવનારા આત્માઓ ફરવાના,
ભક્તોને ભરમાવા દંભી પ્રબોધકો ભમવાના.' ૧૨૩

રાજાની સામે જનતાના બળવા, જંગ થવાના;
ઘરઘરમાં પક્ષો પડવાના મિત્રો મંદ થવાના.
યુદ્ધોની અફવાઓ ફેલાશે દુષ્કાળો પડવાના;
રોગ પ્રસરવાના ને ભારે ભૂકંપો ય થવાના. ૧૨૪

રણશિંગાના અવાજ સાથે દૂતો ઊતરવાના;
વીજળીના જેવા ઝબકારે ઈસુ પધારવાના.
ઈશ્વરના લોકોને ત્યારે સ્વર્ગે લઈ જવાશે;
ઈસુમાં મૃત સંતો પણ ઊઠીને સ્વર્ગે જાશે. ૧૨૫

**ઈસુની સતાવણી** (માથ્થી ૨૬:૩-૪)

ઈસુના ઠપકાની અસરો હૃદય સોંસરી સરતી;
તેથી પાખંડી લોકોની દશા કફોડી બનતી.
આગેવાનો અને યાજકો આથી બન્યા ઝનૂની;
ન્યાયસભામાં કર્યા ઠરાવો હત્યા કાજ ઈસુની. ૧૨૬

(યોહાન ૧૮:૩-૧૨)

શિષ્ય યહૂદા દ્રવ્યલોભથી દગાખોર થઈ બેઠો;
પકડાવી દેવા ઈસુને વિપક્ષમાં જઈ પેઠો.
ગેથ્સેમાને બાગે ઈસુ કરે પ્રાર્થ જે વારે;
વિરોધીઓએ પકડી લીધા લાગ જોઈને ત્યારે. ૧૨૭

(માથ્થી ૨૬:૫૭-૬૫)

પ્રમુખ યાજક કાયાફાની પાસે ઘસડી લાવ્યા;
કરુણામૂર્તિ ઈસુ ખ્રિસ્ત પર જુઠ્ઠા દોષ લગાવ્યા.
'ઈશ તણું મંદિર તોડીને ફરી ઊભું કરવાનો'
અને બીજો આરોપ લગાવ્યો, 'દુર્ભાષણ કરવાનો!'. ૧૨૮

(માર્ક ૧૪:૬૫)

દુષ્ટ જનો ઈસુ પર થૂંક્યા અને તમાચા માર્યા;
મરણદંડને આધીન કરવા પ્રભુ ઈસુને બાંધ્યા.

(માર્ક ૧૫:૧)

શાસ્ત્રી, યાજક અને વડીલો દ્વેષ કરીને કોપ્યા;
કાયાફાએ પીલાત નામે રાજ્યપાલને સોંપ્યા. ૧૨૯

(લુક ૨૩:૩-૫)

પીલાત હાકેમે ઈસુની કીધી ઉલટ તપાસો;
પૂછપરછ કરતાં ઈસુમાં ના અપરાધ જણાયો.
મુક્ત કરી દેવા ઈસુને નિર્ણય કર્યો પીલાતે;
પણ લોકોએ જીદે ચડીને ના માન્યું કોઈ વાતે. ૧૩૦

(માથ્થી ૨૭:૨૨-૩૦)

આવેશી લોકે પોકાર્યું, 'જડો ઈસુને ક્રૂસે.'
લાચારીથી પીલાત ટોળાને વશ થઈને ઝૂકે.
પછી ઈસુના ખુલ્લા બરડે ક્રૂર કોરડો માર્યો;
વળી રૂપાળા શિરે મુગટ કંટકનો મુકાવ્યો. ૧૩૧

મુખ પર ચોકીદારો થૂંક્યા શિરમાં સોટી મારી;
વસ્ત્ર ઉતારી લીધાં મશ્કરી કરી કસોટી ભારી.
અસહ્ય વેદના સહી મુખેથી વધ્યા કશી ના વાણી;
વિરોધીઓ પર જરા ય મનમાં નહિ કટુતા આણી. ૧૩૨

## મરણને માર્ગે

શાંત રહ્યા. ઈસુએ સામે વેણ ન કટુ ઉચ્ચાર્યાં
વલોપાત નવ કર્યો, આંખથી લેશ ન અશ્રુ સાર્યાં.
ક્રૂસે જઈને જીવન દેવા મુક્તિ આપવા આવ્યા;
ઈસુ મક્કમ પગે મૃત્યુનો માર્ગ કાપવા ચાલ્યા. ૧૩૩

## પ્રકરણ-૧૦

# પરાજય કે વિજય ?

### સતાવણીની પરાકાષ્ટા

અતિ નમ્ર થઇ કષ્ટ ભરેલાં પંથે ઈસુ આવ્યા;
ક્રૂર, કારમો, કાઠો, કપરો ક્રૂસ ઊંચકી ચાલ્યા.
વિકટ મોત ને ત્રાસ તણાં જોખમ તો શિર ઝઝૂમે;
સિપાઈઓ, આવેશ ભરેલા લોકો ચોગમ ઘૂમે. ૧૩૪

(માથ્થી ૨૭:૩૨-૩૩)

ક્રૂસ ઉપાડયો તેથી દુબળ઼ દેહ ઈસુનો થાકયો;
સિપાઈઓએ સિમોન પાસે વસમો ક્રૂસ ઊંચકાવ્યો.
નગર વટાવી, ગલગથા નામે, ટેકરીએ આવ્યા;
અહીં ઈસુને માથે ડુંગર દુઃખતણા ખડકાયા ! ૧૩૫

### દુઃખ અને મશ્કરી (માથ્થી ૨૭:૩૫-૪૪)

ક્રૂસ ઉપર સુવડાવી કરમાં, પગમાં ખીલા ઠોકયા;
લટકાવી રાખી ઈસુને ક્રૂસ પર ઊંચા કીધા.
આજુબાજુ બે ચોરોને ક્રૂસે જડાવી દીધા;
ચોર ડાકૂની જેમ ઈસુને પતિત ગણાવી દીધા. ૧૩૬

તહોમતનામું 'યહૂદીઓનો રાજા' એમ લખાવ્યું;
લોક જુએ તે રીતે ક્રૂસ પર લખાણને લટકાવ્યું.
ત્રાસ દીધો ને ભાલો માર્યો. ટોણા, ગાળો દીધાં;
તીણા શસ્ત્રે જખમ કરીને ઘાયલ અંગો કીધાં. ૧૩૭

લોક કહે, 'રે ! મંદિર તોડી ફરી ખડું કરનારા;'
રોગ મટાડયાં. મૃત જનોને નવું જીવન ધરનારા !
અન્ય લોકને તેં જ બચાવ્યા, પોતે નહિ બચવાનો;
કેમ કરી તોડેલું મંદિર ઊભું ફરી કરવાનો ? ૧૩૮

સતાવણી મશ્કરી સહી પણ નહીં ઉગ્રતા આણી;
એ જ મુખડું ! એ જ નમ્રતા ! ઈસુ ઊચર્યા વાણી :
"માફ કરો હે બાપ, બિચારા સતાવનારાઓને;
સર્વ થયું સંપૂર્ણ. હવે મુજ આત્મા સ્વીકારી લો ને." ૧૩૯

**ઈસુનું મરણ** (માથ્થી ૨૭:૫૦–૬૬)

પ્રાણ તજ્યો જવ ક્રૂસે ઈસુએ ધરા ધ્રૂજવા માંડી;
મંદિરનો પડદો ચિરાયો, કબરો ખૂલવા માંડી.
વાદળ પાછળ સૂર્ય છુપાયો, ઘન અંધાર છવાયો;
શિષ્યસમૂહ પર વાદળ દુ:ખનાં ઊતર્યાં. તાપ છવાયો. ૧૪૦

ઘણાં નયનથી અશ્રુ વહ્યાં પણ વિરોધીઓ હરખાયા;
'કાશળ કાઢયું !' એમ ગણીને ફરોશીઓ મલકાયા.
સાક્ષી છે આ સૂબેદારની ! એ છે પુત્ર પ્રભુના;
પાપોથી છૂટકો કરનારા એ છે મુક્તિદાતા ! ૧૪૧

યુસફ નામના ધની ગૃહસ્થે લાસ ઈસુની માગી;
શ્વેત વસ્ત્રમાં વીંટી દઈને ખાસ કબરમાં દાટી.
કબર ઉપર સરકારે સિક્કા અને મહોર લગાવ્યાં;
કોઇ ન ચોરી જાય લાસને, ચોકીદાર રખાવ્યા. ૧૪૨

**પુનરુત્થાન** (માથ્થી ૨૮:૨–૬)

સુદ્રાની નીચે શું ઈશનું રહે પરાક્રમ છાનું ?
પૂરું થવાનું હતું વેણ કે 'મંદિર ખડું થવાનું !'
ઈસુ ખ્રિસ્ત શું રહે કબરમાં ? થાય મરણને તાબે ?
આ ધરતીની ધૂળ તેમને ક્યાં લગ દાબી રાખે ? ૧૪૩

અજર, અમર આત્મા ઈસુનો કેમ રહે બાંધેલો ?
પવિત્ર, સુંદર, શુદ્ધ દેહ એ કેમ રહે ઢાંકેલો ?
સૂર્યવારની શુભ સવારે બની અનોખી ઘટના;
સુદ્રા તૂટી ! પથર ખસ્યો ને બંધો તૂટ્યા કબરના. ૧૪૪

સ્વર્ગેથી ઊતરીને દૂતે કબરે સ્થાન જમાવ્યું;
ઈશ્વરના સુત ખ્રિસ્ત ઈસુમાં નવલું ચેતન આવ્યું.
થયા સજીવન સ્વામી પોતે આભા પ્રસરી આભે;
શિષ્યમંડળે હર્ષ ન માયો ! ધરતી હસતી લાગે !!! ૧૪૫

## પ્રકરણ–૧૧

## દર્શન અને આકાશગમન

**સ્ત્રીઓને દૂતનાં દર્શન** (માર્ક ૧૬:૧–૮)

સપ્તાહતણા દિન પ્રથમે આવ્યાં મહિલાઓ ઘોરે;
સુગંધી દ્રવ્યો વડે ઈસુને અર્ચન કાજ પરોઢે.
કબર નિહાળી ખુલ્લી ! જોયો સ્વર્ગદૂત બેઠેલો !!
ધરતી લાગે ધ્રૂજી ગયેલી ! પથ્થર દીઠો હઠેલો !! ૧૪૬

ચોકીદારો ધ્રૂજી ગયા ને ડરી ઊડી મહિલાઓ,
દૂતે કહ્યું કે ઈસુ ઊઠયા છે, શંકા, ડર, નહિ લાવો.
કેમ તમે શોધો છો, બહેનો, કબરે ખ્રિસ્ત ઈસુને ?
કહો શિષ્યને, 'જાય ગાલીલે. જોશે તહીં ઈસુને !' ૧૪૭

**મરિયમને દર્શન** (યોહાન ૨૦:૧૧–૧૭)

મગદલાની મરિયમ આવી ઊભો કબરની ધારે;
નમી કબરમાં દર્શન ઝંખે, અશ્રુનયનથી સારે.
શ્વેત વસ્ત્ર પરિધાન કરેલા બે દૂતોને નીરખ્યા;
પૂછયું દૂતોએ, 'બહેન આંખે આંસુડાં કાં છલકયાં ?' ૧૪૮

મરિયમે કહ્યું કે મુજ પ્રભુને તેઓ લઈ ગયા છે;
સૂઝ નથી પડતી ને હૃદયે દુઃખો, દર્દ થયાં છે.
આવું કહેતાં ડોક ફેરવી, પાછળ ઈસુ ઊભેલા;
પણ મરિયમથી ના વરતાયા પ્રભુ ઈસુ ઊઠેલા. ૧૪૯

પૂછયું ઈસુએ, 'કેમ રડો છો ? કોની શોધ કરો છો ?'
માળી ધારી જવાબ દીધો, "આપ શું અહીં રહો છો !
હું શોધું મુજ ઈસુને શું લીધા તમે ઉઠાવી ?
કહો તેમને કયાં મૂકયા ? હું અર્ચન કરવા આવી !" ૧૫૦

ઈસુ બોલ્યા, 'અરે, મરિયમ !' વદી મરિયમ 'રાબ્બોની !
તમે જ મુજને છોડાવેલી પકડથકી અપદૂતોની.'
'સ્પર્શ નહીં કર. નથી હજી હું ગયો પિતાની પાસે;
ઉત્થાનની આ ખબર આપ જા બહેન શિષ્યો પાસે.' ૧૫૧

**વટેમાર્ગુને દર્શન** (લુક ૨૪:૧૩-૩૫)

સંધ્યાટાણે મુસાફરો બે જતા હતા પરગામે;
ઈસુની વાતો કરતા તે જતા હતા નિજ ધામે.
ત્યાં તો ઇસુ ખુદ પધાર્યા સાથ બેઉની ચાલ્યા;
પણ એમાંથી કોઇ જણે ઈસુને નહીં પિછાણ્યા. ૧૫૨

પૂછ્યું ઈસુએ, 'કઈ વાતની ચર્ચા તમે કરો છો ?
માંહોમાંહે તર્કો, પ્રશ્નો કેવા તમે કરો છો ?'
'મહાપ્રબોધક ઈસુ ખ્રિસ્તની વાત બધે જાણીતી;
નથી જાણતા આપ યરૂશાલેમ તણી માહિતી ? ૧૫૩

મુખ્ય યાજકો વળી વડીલે શિક્ષા કરી ઈસુને;
કષ્ટો આપ્યાં, ક્રૂસે જડયા મશ્કરી કરી ઈસુને.
અમને ખબર હતી એ મુક્તિદાતા હતા જગતના;
સૂણ્યું અમે, ઊઠયા છે ઈસુ તોડી બંધ મરણના.' ૧૫૪

જતાં માર્ગમાં ખ્રિસ્ત ઇસુએ ધર્મલેખ સમજાવ્યા;
પ્રબોધકોનાં અગમવેણના સર્વ ભેદ સમજાવ્યા.
વાતવાતમાં મુકામ આવ્યો, થઇ ગઈ વાળુ વેળા;
ભોજન કરવા બેઠા ઇસુ બંને જણની ભેળા. ૧૫૫

લીધી રોટલી સ્તુતિ કરી ઈસુએ તેને ભાગી;
ભોજન ઉપર પરમ પિતાની આશિષોને માગી.
સ્તુતિ અને પીરસણની રીતથી ખ્રિસ્ત ઈસુ પરખાયા;
પ્રાર્થ પછી ભોજન પિરસાયું બંને જણ હરખાયા. ૧૬૫

ઓળખતાંની સાથ ઈસુ અદૃશ્ય થયા દૃષ્ટિથી;
ઈસુ સમર્યા ને કર્યાં દર્શનો અંતરની દૃષ્ટિથી.
'એ ઈસુ હતા પણ અરે આપણે કેમ શક્યા ના જાણી ?
ધર્મલેખ સમજાવ્યા રસ્તે, મનડાં થયાં ઉલ્લાસી!' ૧૫૭
તરત જ ઊઠયા ઉતાવળે શાલેમ નગરમાં આવ્યા;
ઈસુની ઉત્થાનકથાને અતિ હરખમાં લાવ્યા.
બેઉ બંધુએ દોડી જઈ શિષ્યોને વાત જણાવી;
બધે નગરમાં ફરી ફરી ઈસુની વાત પ્રસારી. ૧૫૮

## શિષ્યોને દર્શન (લુક ૨૪:૩૬–૪૦, ૪૫)

શિષ્યો ભયથી ગ્રસ્ત હતા ત્યાં ઘરમાં ઈસુ પધાર્યા;
'શાંતિ થાઓ,' કહ્યું ઈસુએ. શિષ્યો વિસ્મય પામ્યા !
'એ તો હું પોતે છું, આવો, જુઓ હાથ પગ મારા;
કરો ખાતરી. ટાળો મનના સંશય બધા તમારા. ૧૫૯
નહિ કો આત્મા, હું પોતે છું, કરો સ્પર્શ મુજ દેહે;
અભય બનો, વિશ્વાસ કરી લો, કરો નહીં સંદેહે.'
શિષ્યસમૂહની ઉપર ઈસુએ પ્રેમ ભાવ દર્શાવ્યા;
શિષ્યોનાં અંતર ઉઘાડયાં, ધર્મગ્રંથ સમજાવ્યા. ૧૬૦

## થોમાને દર્શન (યોહાન ૨૦ : ૨૬–૨૯)

અગાઉના દર્શન વેળાએ થોમા હતો ન ઘરમાં;
તેને દર્શન દેવા પાછા ઈસુ પધાર્યા ઘરમાં.
'થોમા, તારા હાથ વડે મુજ જખમોને સ્પર્શી લે;
મુજને નિહાળી લઈ વહાલા, અવિશ્વાસ તજી દે.' ૧૬૧

નમ્ર થઈ ને ઊચર્યો થોમા 'મુજ પ્રભુ ! મુજ સ્વામી !!
શીષ નમાવું હું પ્રણમું છું તમે જ છો શુભનામી.'
'મારાં દર્શન કર્યા વિના વિશ્વાસ કર્યો છે જેણે'
વચન સુણાવ્યું ખ્રિસ્તે, 'સાચો ધન્યવાદ છે તેને.' ૧૬૨

(પ્રેષિતોનાં કાર્યો ૧:૧–૩)

ચાળીસ દિવસો સુધી ઈસુએ આમ દર્શનો આપ્યાં;
પછી સ્વર્ગની તરફ જવાને પોતે પગલાં માંડયાં.
જન્મ, મરણ, ઉત્થાન વડે જીવન-મુખ્યાર્થ જણાવ્યો;
શિષ્યજનોને ઈશ્વરના શાસનનો માર્ગ જણાવ્યો. ૧૬૩

**સુવાર્તાનું ફરમાન** (માર્ક ૧૬ : ૧૪–૧૬)

ગાલીલે ગિરિશૃંગ ઉપર જવ શિષ્યો સર્વ મળેલા;
ત્યારે ઈસુ પુનઃ પધાર્યા સૌની સાથે ભળેલા.
શંકા, કઠણ હૃદયને લીધે ખ્રિસ્તે ઠપકો દીધો;
શુભસંદેશ કહેવા જગને હુકમ ઈસુએ દીધો. ૧૬૪

સર્વ દેશમાં જજો અને મુક્તિની વાત કહેજો;
આત્માનું સામર્થ્ય ગ્રહીને જાલદીક્ષા પણ દેજો.
જલદીક્ષા જે લેશે તે સાચા વિશ્વાસી બનશે;
પરાક્રમો ને મુક્તિ પામશે બીજા દોષી ઠરશે'. ૧૬૫

**આકાશગમન** (પ્રેષિતોનાં કામ ૧:૩, ૮–૧૧).

મરણ પછી ચાળીસ દિનો લગ ખ્રિસ્તે દર્શન દીધાં;
ઈશ્વરના શુભ રાજ્ય વિષેનાં ખૂલાં રહસ્ય કીધાં.

"પવિત્ર આત્મા મળશે તમને પરાક્રમી પણ બનશો;
સમગ્ર સૃષ્ટિમાં ય તમે સૌ સાક્ષી મારા બનશો.' ૧૬૬

વાત થઈ ગઈ પૂરી ત્યારે ખ્રિસ્ત ઈસુ ઊંચકાયા;
ઉન્નત આભે, વાદળમાં અદૃશ્ય થયેલ જણાયા.
ત્યાં તો ઊજળાં વસ્ત્રોવાળા સ્વર્ગદૂત બે આવ્યા;
'ફરી આવશે ઈસુ પાછા,' એમ કહેવા લાગ્યા. ૧૬૭

'શું નીરખો છો લોક આભમાં ? સૂણો વચન આ સાચાં;
જે ઈસુને જતા જુઓ છો તે જ આવશે પાછા.'
ઈસુ આવશે. અંત લગી જે ટકશે તે જ ઊગરશે;
અંતકાળમાં વિશ્વાસીને માર્ગ મુક્તિનો મળશે. ૧૬૮

## પ્રકરણ–૧૨

## પુનરાગમન

જીવનદાતાનું જીવન ના કોઈ શકે અટકાવી !
સકળ સૃષ્ટિના સર્જક પોતે અનાદિ છે અવિનાશી ! !
તેથી સમર્થ સ્વામીની આ થાય કથા ના પૂરી;
વાત પ્રભુની અનંત છે એ થાય કહ્યા ના પૂરી. ૧૬૯

નક્કી જાણો યુગાન્ત વેળા ફરી ઈસુ દેખાશે;
ત્યારે મહા પરાક્રમ આભે ને ધરતીએ થાશે.
ઉન્નત ગગને દૂતનાં વૃંદો ઈશનો મહિમા ગાશે;
રણશિંગાના જયનાદોથી ઈશની સ્તુતિ થાશે. ૧૭૦

મર્ત્ય શરીરો સ્વરૂપ નવલાં સુંદર ધારણ કરશે;
મૃતજનો જીવન પામીને સ્વર્ગે પ્રયાણ કરશે.
ડંખ પાપના તૂટી જશે, મૃત્યુનો પરાજય થાશે;
નવું ગગન ને નવીન અવનિ, સર્વ નવું થઇ જાશે. ૧૭૧

પોતાના લોકોને ઇસુ આભે ઊંચકી લેશે;
સંતોને વિશ્વાસ પ્રમાણે મહાન બદલો દેશે.
લોક પ્રભુના, ઈસુ સંગમાં સદા સ્વર્ગમાં વસશે;
સત્કાર્યો, વિશ્વાસ તણાં શુભ પ્રતિફળો ત્યાં મળશે. ૧૭૨

સ્વર્ગભુવનના સુખાનંદમાં ઈસુ તણા સહુવાસે;
સંકટ વિસરાશે આ જગનાં આતમ ત્યાં હરખાશે.
કરુબીમ ને શરાફીમ ત્યાં ગાય ઈશનાં ગાનો;
એના હિસ્સેદાર થવાશે, પાડ પ્રભુના માનો. ૧૭૩

નથી કલેશ કે દ્વેષ સ્વર્ગમાં નથી ઉપાધિ, વ્યાધિ,
પૂરી શાંતિ છે, નથી દુઃખ ત્યાં, મળે ન આંધી, આધિ.
નથી વિધિઓ, ક્રિયાકાંડ ત્યાં જોખમ નથી મરણનાં:
સંગીત કેરા સ્વરો રણકતા સ્વર્ગે સદા સ્તવનના. ૧૭૪

પ્રભુ તણાં કૃપાદાનો ત્યાં કો'થી નહીં ઝૂંટાશે,
નહીં ચોર ચોરી કરશે બાલંતો નહીં લૂંટાશે.
ચંદ્રતેજ કે સૂર્યતેજની જરૂર ત્યાં ના પડશે;
ઈશ્વરના મહિમા ને ગૌરવનાં અજવાળાં મળશે. ૧૭૫

ના દરવાજા બંધ થવાના રાત નહીં પડવાની;
દુઃખ, દ્વેષ, ધિક્કાર, સ્વાર્થ કે ચિંતા નહીં નડવાની.
સ્ફટિક સમા નિર્મલ પંથે ના ભૂલા પ્રવાસી પડશે;
ઈસુ તણા સાન્નિધ્યે સ્વર્ગે સદા નિવાસી બનશે. ૧૭૬

## પ્રકરણ-૧૩

# મુક્તિને માર્ગે

દીધી ખાતરી પ્રભુ ઈસુએ 'માર્ગ, સત્ય જીવન હું;
વળી બારણું પ્રવેશવાનું હું છું સ્વર્ગ ભુવનનું.
એમાં થઈ જે પ્રવેશશે તે ક્યાંય નહીં અટવાશે;
મુક્તિ પામશે, સુખે રહેશે સદા પ્રભુ–સહવાસે.' ૧૭૭

પ્રભુ ઈસુએ મુક્તિમાર્ગનો આ બાંધ્યો છે સેતુ;
પીડિત, પતિત ને પાપી તારણ પામે એ છે હેતુ.
ઉઘાડો અંતરની આંખો, માર્ગ મુક્તિનો ભાળો;
પ્રભુ ઈસુમાં ધરી ભરોસો એ મારગડો ઝાલો. ૧૭૮

જૂના પંથને ત્યાગી ભાવે ભક્તો હ્યાં ચાલે છે;
લતા ઉપરની દ્રાક્ષા જેવા સંતો ત્યાં ફાલે છે.
આ મારગમાં મજા આવશે કશી ન ચિંતા નડશે;
પ્રવાસીઓને પ્રભુ પાળશે, મુશીબતો ના પડશે. ૧૭૯

નવા પંથના પ્રવાસીઓ છે સુખી, પ્રેમથી ભર્યા;
નથી પ્રવાસી અહીં કોઇ જે દુ:ખી, દ્વેષથી ભર્યા.
પંથે ગાન ગજવનારાને હૈયે ભર્યા ઉલ્લાસો;
આત્માને અજવાળે પંથે ઝળકે નર્યા પ્રકાશો. ૧૮૦

સ્વર્ગ તણો દરવાજો આવે મુક્તિમાર્ગને છેડે;
ઈસુ પ્રતિક્ષા કરતા દ્વારે પંથ યાત્રીને તેડે.
એમાં પ્રવેશવા આ પળ છે આવે ગયા પછી ના;
પસંદગીની ચૂકશે તક જે પામે દયા કશી ના. ૧૮૧

## કોની ઇચ્છા ?

કોની ઇચ્છા મુક્તિમાર્ગના મુસાફરો બનવાની ?
કોની ઇચ્છા દુ:ખદરિયાના વમળોથી બચવાની ?
કોની ઇચ્છા ગામ, ઘરો ને કુટુંબને તજવાની ?
કોની ઇચ્છા શુદ્ધ ભાવથી ઈશ્વરને ભજવાની ? ૧૮૨

કોની ઇચ્છા જીર્ણ વસ્ત્રના વાઘાઓ તજવાની ?
કોની ઇચ્છા ન્યાયીપણાના પોષાકો સજવાની ?
કોની ઇચ્છા આ સૃષ્ટિનાં કષ્ટોથી છૂટવાની ?
કોની ઇચ્છા મુક્તિ માટે ખરે મરી મીટવાની ? ૧૮૩

કોની ઇચ્છા છે સંસારી પરિસ્થિતિ તજવાની ?
કોની ઇચ્છા છે અહીંયાંની આસક્તિ તજવાની ?
કોની ઇચ્છા છે પાપોના રસ્તેથી ખસવાની ?
કોની ઇચ્છા સ્વર્ગસદનમાં સદાકાળ વસવાની ? ૧૮૪

આવી ઇચ્છા કોણ કરે છે ? ખુદનો ત્યાગ કરી દે;
વ્યર્થ, પુરાણા પંથ તજી દે, ઈશનો સાથ કરી લે.
આવી ઇચ્છા કોણ કરે છે ? આગળ પોતે આવે;
પ્રભુશરણમાં મસ્તક મૂકે મક્કમ રહી પથ કાપે. ૧૮૫

આવી ઇચ્છા કોણ કરે છે ? ઇશ્વરને અપનાવે;
હળ પર દઈને હાથ અમોલા જીવનને બદલાવે.
આવી ઇચ્છા કોણ કરે છે ? હૈયાને દૃઢ રાખે;
પરમ પિતાની પરખ કરી લે બીજે ન દૃષ્ટિ નાખે. ૧૮૬

આવી ઇચ્છા કોણ કરે છે ? બેસી રહ્યે ન ચાલે;
પળ જાશે આ. નથી જાણતા બની જશે શું કાલે ?
આવી ઇચ્છા કોણ કરે છે ? બધું તજી દે આજે;
ઈસુને અર્પાઈ જઈ, પ્રસ્થાન કરી દે આજે. ૧૮૭

## માર્ગનું મૂલ્ય

મુક્તિના મારગથી કાયર માણસ પાછો ફરશે;
દ્રવ્યપિપાસુ, લોભીજનને મારગ કાઠો પડશે.
સોય તણા નાકામાં પ્રવેશ ઊંટને સરળ જણાશે;
શ્રીમંતને આ પંથે પ્રવાસ નિશ્ચે કઠણ જણાશે. ૧૮૮

માન્ય કાળ છે આ અણમોલો ફરી સમય ના મળશે;
નથી ભરોસો આ કાયાનો કાલે ધૂળમાં ભળશે.
દોલત, માલ, ખજાના સર્વે અહીંના અહીં રહેશે;
થાશે મૂઠી ઉઘાડી અંતે સાથ ન કંઈ રહેશે. ૧૮૯

સત્યગુરુની શોધે જેનાં ચરણ નયન છે થાક્યાં;
તીરથ ફરીને, પૂજા કરીને જેનાં ગાત્ર વિલાયાં.
એવા જન માટે સંતો આ સંદેશો શુભ લાવ્યા;
'મુક્તિકેરો માર્ગ બનીને પ્રભુ ઈસુ ખુદ આવ્યા'. ૧૯૦

હવે ન ધૂપધુમાડા, પૂજાપાઠ નહીં કરવાના;
ક્રિયાકાંડ, ટીલાંટપકાં કે ભોગ નહીં ધરવાના.
કર્મવાદ કે નશીબવાદથી મોક્ષ કદી ના મળશે;
પુણ્યકર્મ કે દેહકષ્ટથી મૃત્યુદંડ ના ટળશે. ૧૯૧

## મુક્તિને માર્ગે

આજે ઈસુ મહાનંદના મુક્તિમાર્ગમાં જોડે;
નવી જિંદગી દઈ બંધનો પાપ મૃત્યુનાં તોડે !
શોણિત દઈ સંસાર તણા બળતા અગ્નિને ઠારે;
પ્રાણ દઈ માનવને ઈસુ મરણદંડથી તારે. ૧૯૨

નીંદ ભરેલાં બંધ નયનને સાવધ કરે, ઉઘાડે;
પંથ ભૂલ્યાં ઘેટાંને શોધે પાલન કરે, સુવાડે.
ઘોર પાપના પંજાથી માણસને મુક્ત કરાવે;
પછી અમોલા મુક્તિ તણા મારગડે નિત્ય ચલાવે. ૧૯૩

અંતરના દ્વારોને ઈસુ ઉઘાડવા માગે છે;
જીવન દેવા માનવ દિલમાં પ્રવેશવા માગે છે.
આમંત્રણ આપે છે ઈસુ હાલ સમસ્ત જનોને;
'મુક્તિમારગે ચાલો, જીવન ઈશને હસ્ત ધરોને.' ૧૯૪

મુક્તિનો આ મહામાર્ગ માનવને માટે સમર્પ્યો;
એ મારગને રક્ષિત કરવા ખ્રિસ્તે પ્રાણ સમર્પ્યો.
રક્ત તણો છંટાવ કરી રસ્તાને સરળ કર્યો છે;
નથી રહ્યો એ દુર્ગમ ખ્રિસ્તે પોતે સુગમ કર્યો છે. ૧૯૫

ખીલા, ભાલા, કષ્ટ સહીને કંટક દીધા હઠાવી;
ભારે ક્રૂસ વડે કચડીને કંકર દીધા દબાવી.
ભીતિ, જોખમ, કષ્ટ નિવાર્યાં, શત્રુ દીધો હરાવી;
તાપ, ત્રાસ ને વિઘ્નો ટાળ્યાં, રસ્તો દીધો સજાવી. ૧૯૬

ભલે પથિકને માર્ગ સાંકડો લાગે આ મુક્તિનો;
પણ એ જ પંથ છે પ્રીતિ, શાંતિ, ત્યાગ તથા ભક્તિનો.
સીધો સ્વર્ગમાં જતો જુઓ પથ કેવો રહે પ્રકાશી !
પ્રભુ ઈસુ દ્વારે તેથી ના રખડી જશે પ્રવાસી !! ૧૯૭

હવે રાહ નહિ જોવાની કે આળશ નહિ કરવાની;
મુક્તિમારગે પ્રયાણની તક જતી નહિ કરવાની.
જૂના પુરાણા પંથ તજીને જો પાછા પગ વળશે;
તો જગની વળગાડ ટળીને જીવનને કળ વળશે. ૧૯૮

હવે જીવનનાં તાપ, તિમિર શંકા, અજ્ઞાન, ટળ્યાં છે;
ઉત્તમ ને અણમોલા પથનાં દર્શન, જ્ઞાન મળ્યાં છે.
ત્યાગ, સમર્પણ કરી મારગે વળવાનું નવ ચૂકીએ;
જગની માયાથી પરવારી પ્રભુપગલે પગ મૂકીએ. ૧૯૯

માટીનો મંડપ છે કાયા ! માટીમાં મળવાની !
તૃણ સમી કરમાઇ જવાની, ફૂલ સમી ખરવાની.
માટે ચાલો મુક્તિમારગે સર્વે પ્રવાસ કરીએ;
ઈશ્વરમાં થઇ વિલીન આપણે સ્વર્ગે પ્રયાણ કરીએ. ૨૦૦

o = × o = × o = o × = o

9BGM2